# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

1) વેપારીઓને 2,000 રૂપિયા સુધીનાં મૂલ્યનાં BHIM-UPI વ્યવહારો માટે પ્રોત્સાહન યોજના મંજૂર
2) આસામના નામરૂપમાં નવું એમોનિયા-યુરિયા કોમ્પલેક્સ સ્થાપવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
3) નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર પૃથ્વી પર હેમખેમ પરત ફર્યા
4) રોકાણકારો ડિજિલોકરમાં તેમનાં ડિમેટ એકાઉન્ટમાંથી શેર્સ અને મ્યુચ્યુઅલ ફન્ડની માહિતીનો સંગ્રહ કરી શકશે
5) કબડ્ડી વિશ્વકપમાં ભારતની મહિલા ટીમે પોલેન્ડને હરાવ્યું

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET-BRIEFING

સરકારે આજે ઓછા મૂલ્યનાં BHIM-UPI વ્યવહારો માટેની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો અમલ એક હજાર 500 કરોડ રૂપિયાનાં અંદાજિત રોકાણ સાથે કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીમંડળનાં નિર્ણયો અંગે પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાથી નાના વેપારીઓ વધારાના ખર્ચ વગર યુપીઆઇ સેવાઓ પ્રાપ્ત કરી શકશે. તેમણે જણાવ્યું કે, નાના વેપારીઓને બે હજાર રૂપિયા સુધીનાં યુપીઆઇ વ્યવહારો માટે 0.15 ટકાનું વળતર આપવામાં આવશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે આસામના નામરૂપમાં બ્રહ્મપુત્રા વેલી ફર્ટિલાઇઝર કોર્પોરેશન લિમિટેડના વર્તમાન પરિસરમાં નવું એમોનિયા-યુરિયો કોમ્પલેક્સ સ્થાપવામાં આવશે. તેમણે જણાવ્યું કે, આ પ્રોજેક્ટથી દેશમાં યુરિયાનાં ઉત્પાદનમાં વધારો થશે.

(BYTE ASHWINI VAISHNAV-NAMRUP)

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે મહારાષ્ટ્રમાં જેએનપીએ પોર્ટથી ચોક સુધી છ માર્ગીય ગ્રીનફિલ્ડ હાઇવેનાં નિર્માણને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ચાર હજાર 500 કરોડ રૂપિયાનાં ખર્ચે બનશે.

શ્રી વૈષ્વણે જણાવ્યું કે, સરકારે સુધારેલા રાષ્ટ્રીય ગોકુલ મિશનનાં અમલીકરણ માટે મંજૂરી આપી છે, અને ત્રણ વર્ષ માટે ફાળવણીમાં વધારો કર્યો છે.

**(BYTE ASHWINI VAISHNAV-GOKUL MISSION)**

. . . . . . . . . . . . . . .

# NASA ASTRONAUTS RETURNS

નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન-નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર સ્પેસ એક્સ ક્રુ ડ્રેગન અવકાશયાન દ્વારા આજે વહેલી સવારે પૃથ્વી પર હેમખેમ પરત ફર્યા છે. તેમનું સ્પેસ એક્સ કેપ્સ્યુલ મેક્સિકોનાં અખાતમાં ઉતર્યું હતું. આ સાથે બંને અવકાશયાત્રીઓની નવ મહિના કરતા પણ વધુ સમયની કસોટી સમાપ્ત થઈ છે. બંને અવકાશયાત્રીઓની સાથે અમેરિકાના નિક હેગ અને રશિયન અવકાશયાત્રી એલેકઝાન્ડર ગોરબુનોવ પણ પૃથ્વી પર પરત ફર્યા છે.

સુનીતા વિલિયમ્સ અને વિલ્મોરે પૂર્વનિર્ધારિત કાર્યક્રમ કરતા 278 દિવસ વધુ એટલે કે 286 દિવસ અવકાશમાં પસાર કર્યા હતા. ચારેય અવકાશયાત્રીઓને ટેક્સાસના હ્યુસ્ટનમાં જોન્સન અવકાશ કેન્દ્ર લઈ જવામાં આવ્યા છે, જ્યાં મેડિકલ નિષ્ણાતો દ્વારા તેમની તપાસ કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુનીતા વિલિયમ્સ સહિતનાં અવકાશયાત્રીઓને સકુશળ પરત લાવવા બદલ નાસાની ટીમને અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતના મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના લોકો અને ગુજરાતમાં સુનીતા વિલિયમ્સના પરિવારજનો સુનીતાના ધરતી પર સફળ પુનરાગમન બદલ આનંદની લાગણી અનુભવી રહ્યા છે. સુનીતાના પૈતૃક ગામ ઝુલાસણમાં તેમનાં પરિવારજનોએ યજ્ઞ અને પ્રાર્થના સહિતનાં કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# LS - JITENDRA SPACE

પ્રધાનમંત્રી કાર્યાલયમાં રાજ્યમંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહે આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતાં જણાવ્યું હતું કે, ચંદ્રયાન-4 બે લોન્ચ વ્હીકલ દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવશે અને તેમાં પાંચ ઘટકો હશે. તેમણે ઉમેર્યું કે, મહિલા રોબોટ સાથેની ગગનયાનની ટેસ્ટ ફ્લાઇટ આ વર્ષનાં અંતમાં લોંચ કરવામાં આવશે.

ભારત અંતરિક્ષ સ્ટેશનની યોજના અંગે તેમણે વધુ માહિતી આપી…

(બાઇટ- જીતેન્દ્રસિંહ, રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . . . . .

# RS-HEALTHDISCUSSSION

આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં હાલમાં ૧૫ હજાર જન ઔષધિ કેન્દ્ર કાર્યરત છે અને સરકારે આગામી બે વર્ષમાં આવા દસ હજાર વધુ કેન્દ્ર ખોલવાનો નિર્ણય લીધો છે.

રાજ્યસભામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની કામગીરી પર ચર્ચાનો જવાબ આપતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, જનઔષધિ કેન્દ્રોમા અત્યંત વાજબી ભાવે દવાઓ ઉપલબ્ધ હોવાથી દર્દીઓએ અત્યાર સુધી 30 હજાર કરોડ રૂપિયાની બચત કરી છે.

આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, 2017માં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય આરોગ્ય નીતિ સર્વગ્રાહી નીતિ છે, જેમાં ઉપશામક, ઉપચારાત્મક, પુનર્વસન અને નિવારક અભિગમો જેવા ઘટકો છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## SEBI-DIGILOCKER

રોકાણકારો હવે ડિજિલોકરમાં તેમનાં ડિમેટ ખાતામાંથી શેર્સ અને મ્યુચ્યુઅલ ફન્ડ્સ યુનિટનાં સ્ટેટમેન્ટનો સંગ્રહ કરી શકશે અને તેને ડાઉનલોડ પણ કરી શકશે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા-સેબીએ આજે સરકારના ડિજિટલ ડોક્યુમેન્ટ વોલેટ ડિજિલોકર સાથે ભાગીદારી કરી છે. સેબીનાં પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે રોકાણકારો ડિજિલોકરમાંથી પોતાનું કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ પણ મેળવી શકશે.

આ વ્યવસ્થાથી દાવા વિનાની નાણાકીય અસ્કયામતોનું પ્રમાણ ઘટશે અને રોકાણકારોનાં હિતોનું રક્ષણ થશે.

. . . . . . . . . . . . . . . .

## BADMINTON-KABADDI WORLD CUP 2025

બેડમિન્ટનમાં, સ્વિત્ઝર્લૅન્ડનાં બેસલ ખાતે રમાઈ રહેલી સ્વિસ ઓપન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સમાં ભારતની ઇશારાની બરુઆ અને અનુપમાન ઉપાધ્યાય પ્રી ક્વાર્ટરફાઇનલમાં પ્રવેશ્યા છે.

ઇંગલેન્ડમાં રમાઇ રહેલા કબડ્ડી વિશ્વકપમાં ભારતે ફરી એક વાર પોતાનું પ્રભુત્વ દર્શાવ્યું છે. ભારતની મહિલા ટીમે કોવેન્ટ્રી ખાતે ગ્રૂપ ડીની બીજી મેચમાં પોલેન્ડને 104-15થી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## PUNJAB-FARMERS MEETING CONCLUDES

ચંદીગઢમાં પંજાબના ખેડૂતો અને કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ વચ્ચે ત્રણ કલાકથી વધુ સમય સુધી બેઠક ચાલી હતી. આગામી બેઠક ૪ મેનાં રોજ યોજાશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે મંત્રણાને ફળદાયી અને સકારાત્મક ગણાવતા જણાવ્યું કે, સરકાર માટે ખેડૂતોનું હિત સર્વોપરી છે અને તેમનાં કલ્યાણ માટે સરકાર સતત નીતી ઘડતી રહી છે.

સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચાના 28 ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પંજાબના કૃષિ મંત્રી ગુરમીત સિંહ ખુદિયાં, નાણા મંત્રી હરપાલ સિંહ ચીમા અને કેબિનેટ મંત્રી ચેતન સિંહ જૌરામજરા પણ હાજર રહ્યા હતા.

બંને મોરચાઓનું પ્રતિનિધિત્વ જગજીત સિંહ દલેવાલ અને સરવન સિંહ પંઢેર દ્વારા કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## GAZA SITUATION

વિદેશ મંત્રાલયે આજે ગાઝાની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી અને તમામ બંધકોને મુક્ત કરવાની જરૂરિયાત ભર મૂક્યો. એક નિવેદનમાં મંત્રાલયે ગાઝાનાં લોકોને માનવીય સહાયતાનો પુરવઠો ચાલુ રાખવાનો પણ આગ્રહ કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

## LS-VAISHNAW BETTING

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, ગયા વર્ષે સરકારે સટ્ટા અને જુગારની એક હજાર 97 જેટલી

વેબસાઇટો પર પ્રતિબંધ મૂક્યો હોવાથી ઓનલાઇન જુગાર પ્રવૃત્તિઓને ડામવામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

લોકસભામાં પુરક પ્રશ્નનો જવાબ આપતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, આ પ્રકારની પ્રવૃત્તિન ડામવા કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને કામ કરવું પડશે અને સાઇબર ગુનાઓ સાથે સંકળાયેલી તમામ એજન્સીઓ એકબીજાના સંકલનમાં કામ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . .

## RAJNATH-MAJOR KHATHING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લોકોને હંમેશા રાષ્ટ્રને પ્રથમ મૂકવા, સંગઠિત રહેવા અને પ્રામાણિકતાથી પોતાની ફરજ નિભાવવા અનુરોધ કર્યો છે. આજે નવી દિલ્હીમાં મેજર બોબ ખાથિંગ સ્મૃતિ કાર્યક્રમની પાંચમી આવૃત્તિને સંબોધતા શ્રી સિંહે યુધ્ધનાં મેદાનમાં શૌર્ય અને મુત્સદ્દીગીરીનાં ક્ષેત્રમાં પોતાનાં કૌશલ્યથી ઇતિહાસમાં અવિસ્મરણિય છાપ છોડનારા શ્રી ખાથિંગને ભારતનાં મહાન સપૂત ગણાવ્યા.

શ્રી સિંહે સહસ્ત્ર સીમા બલ અને નાગાલેન્ડ સશસ્ત્ર પોલિસની રચનામાં મેજર ખાથિંગના પ્રદાનની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## TERRORISM- NITYANAND RAI

સરકારે આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવી છે જેના પરિણામે દેશમાં આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે રાજ્યસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે સરકારે રાષ્ટ્રીય તપાસ એજન્સી-NIAvને દેશની બહાર પણ આતંકવાદ સંબંધિત ઘટનાઓ અને પ્રવૃત્તિઓની તપાસ કરવા માટે વધુ સત્તા આપી છે.

તેમણે કહ્યું કે NIA લંડનમાં ભારતીય હાઈ કમિશન અને સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ પર થયેલા હુમલા સંબંધિત ઘટનાની તપાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર દેશમાંથી આતંકવાદને નાબૂદ કરવા માટે કડક પગલાં લઈ રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

## SENSEX, NIFTY

ભારતીય શેરબજારોમાં આજે સતત ત્રીજા સત્રમાં તેજી નોંધાઈ હતી. 30 શેરોનો સેન્સેક્સ 148 પોઇન્ટ વધીને 75 હજાર 568 અને નિફ્ટી-50 73 પોઇન્ટ વધીને 22 હજાર 907 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. નિફ્ટીના 50માંથી 33 શેરો વધારા સાથે બંધ રહ્યા હતા. ડોલર સામે રૂપિયો 12 પૈસા મજબૂત થઈને 86.44 પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . . . . . . .